




સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે જનતા સહકારી બેંક લી. પૂણેની નવિન શાખાનું ઉદ્‌ઘાટન કૃષિ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણી તથા શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવિન બેંકના સંચાલકોને અભિનંદન પાઠવતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અંતરિયાળ એવા ખેડબ્રહ્મા જેવા વિસ્તારને જોડવાનું કામ કર્યું છે. આમ તો સહકારી ક્ષેત્રનો વ્યાપ ઘણો વિશાળ છે.

### ગાંધીનગર સમાચાર દ્વારા આયોજીત

# ગુજરાત ઓપન ડે નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટની આજે ફાઈનલ જંગ ખેલાશે

બાયડ, તા.૨૫

બાયડ ખાતે છેલ્લા ૩૫ દિવસથી ચાલતી ગાંધીનગર સમાચાર આયોજીત ગુજરાત ઓપન ડે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની આજે ફાઈનલ મેચ યોજાશે. આ ફાઈનલ મેચમાં વિજેતા ટીમને ૩૧૦૦૦ રૂા રોકડા તથા ટ્રોફી આપવામાં આવશે તેમજ રનર્સ અપ ટીમને ૧૧૦૦૦ રૂ. રોકડા તથા ટ્રોફી આપવામાં આવશે.

આ ફાઈનલ મેચમાં સમારંભના અધ્યક્ષ તરીકે માલપુર મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, સમારંભના ઉદઘાટક તરીકે પ્રકાશ ગુર્જર (ગુજરાત પ્રદેશ યુથ કોગ્રેસ ઉપ પ્રમુખ), ધવલસિંહ ઝાલા (આચાર્યશ્રી નુતન વિદ્યાલય અમદાવાદ) તેમજ મુખ્ય મહેમાનમાં ઈશ્વરભાઈ ચૌધરી (રણજીટીમના પ્લેયર), સલીલ યાદવ (૨૦૧૧ના ચેન્નાઈ સુપર કિંગના પ્લેયર), પ્રથમેશ પરમાર (રણજી ટીમના પ્લેયર) તેમજ અતિથિ વિશેષમાં યુસુફભાઈ શેખ, (ગુ.પ્રદેશ લઘુમતી સેલના મંત્રી), અદેસીંહ ચૌહાણ (બાયડ તાલુકા કોગ્રેસ પ્રમુખ), દીનુભાઈ પટેલ (બાયડ શહેર કોગ્રેસ પ્રમુખ), વનરાજસિંહ રાઠોડ (યુથ કોગ્રેસ પ્રમુખ સા.કાં જીલ્લા) ઉપસ્થીત રહેશે તેમજ આમંત્રીત મહેમાનોમાં નેહાબેન એચ. પટેલ (જીલ્લા પંચાયત સદસ્ય), અતુલભાઈ બી.પટેલ (ટ્રસ્ટી તક્ષશીલા વિદ્યાલય બાયડ) ડો અલ્પેશ ભાઈ પટેલ (મલ્હાર ચીલ્ડ્રન હોસ્પીટલ) દિનેશસિંહ પરમાર (મે.જીયા ઈન્ડીયન ગેસ એજન્સી બાયડ) મીલાપભાઈ પટેલ (શ્રીધર રેસીડેન્સી ચોઈલા રોડ બાયડ) મયુરભાઈ (શ્રીનાથજી પાર્ક રેસીડેન્સી) ચેતનભાઈ પટેલ (બીલ્ડર કેશવભાઈ પટેલ) ઉપસ્થીત રહેશે તેમજ ફાઈનલ મેચ રાત્રે ૯.૩૦ કલાકે બાયડ ખાતે આવેલ પોલીસ સ્ટેશન ગ્રાઉન્ડમાં ભવ્ય આતીશબાજી અને ડી.જે.સાઉન્ડ સાથે યોજાશે તેવુ આયોજકોએ જણાવ્યું હતું.

## બી.એસ.એન.એલ.ની અસુવિધાઓથી તલોદવાસીઓ પરેશાન

તલોદ, તા.૭

સાબરકાંઠા જિલ્લા ભારત સંચાર નિગમ લિ.ના 'કમાઉ દિકરા' સમા તલોદને આધુનિક સુવિધાઓથી વિમુખ રાખવામાં આવતું હોય તેમ ભાસી રહ્યું છે અહિં તંત્રની ઉજી સુવિધા તો લોકો માટે હાલ સ્વપ્ન જેવી છે પરંતુ અહિંની બ્રોડ બેન્ડ ઈન્ટરનેટ સુવિધા જ લગભગ ખાડે ગઈ હોય તેમ ભાસી રહ્યું છે. ૧૦૦ એમબીપીએસની સ્પીડ દર્શાવતી આ સેવા માત્ર છેતરામણી હોય તેમ ભાસી રહ્યું છે. અવારનવાર કનેકટીવિટી સંદર્ભની આપતો ઈન્ટરનેટ ધારકો ભોગવી રહ્યા છે. તલોદ એક્ષચેન્જમાં લગભગ ૪૧૧ બ્રોડબેન્ડ જોડાણ ધરાવતા ગ્રાહકો છે. જયાં ૩૬૦૦ ટેલિફોન ધારકો, ૨૮ એસટીડી પીસીઓ અને ૩૧ લોકલ પીસીઓ ધારક ગ્રાહકો આવેલા છે. બ્રોડ બેન્ડની કનેકટીવિટીના પ્રાણ પ્રશ્નને કારણે ઉપભોકતાઓ અન્ય કંપનીના ઈન્ટરનેટ જોડાણ વાપરવા તરફ ન છૂટકે વળી રહ્યા છે છતાં બીએસએનએલ, 'હોતી હૈ ચલતી હૈ...'ની જેમ રાચી રહ્યું છે. જે નિગમ માટે ઘાતક જણાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે બીએસએનએલના ગ્રાહકોના સર્વાંગી હિતમાં તેમની ફરિયાદો સાંભળી તેનું નિરાકરણ કરવાના હેતુસર તાજેતરમાં જ બીએસએનએલનું ૨૦૧૨-૧૩ના વર્ષ માટેનું 'ઓપન હાઉસ' તલોદ નગરના છેવાટે એક શાળાના ઓરડામાં યોજાયું હતું..! હજારો ગ્રાહકને આ ઓપન હાઉસના કાર્યક્રમની જાણ સુધ્ધાં નહિ થઈ હોવાને કારણે ઓપન હાઉસનો લાભ વિશાળ ગ્રાહક વર્ગ સુધી ન પહોંચતા તે લગભગ 'ફલોપ-શૉ' જેવું પુરવાર થયું છે.

આ ઓપન હાઉસમાં તલોદ પંથકમાંથી માંડ ૧૫ ગ્રાહકો હાજર રહ્યા હતા જયારે બીએસએનએલના ઉપસ્થિત રહેલા અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા ગ્રાહકો કરતાં ડબલ હતી. આ ઓપન હાઉસમાં જિલ્લા ટેલિકોમ તંત્રના જનરલ મેનેજર સુનિલકુમાર એ ગ્રાહકોની ફરિયાદો સંદર્ભે તાકિદે યોગ્ય કરવા હૈયાધારણ આપી હતી.

જે ઓપન હાઉસમાં ચર્ચાયેલ સમસ્યાઓમાં બ્રોડ બેન્ડ કનેકટીવિટીની સમસ્યા પણ એક હતી. જેનું કોઈ જ નિરાકરણ આજ દિન સુધી નહિ આવતાં સહજભાવે ઈન્ટરનેટ જોડાણ ધારકો ખેદની લાગણી અનુભવી રહ્યા છે. જી.એમ. સુનિલકુમારની સમગ્ર ટીમે તથા સ્થાનિક અધિકારીઓ પણ ઈન્ટરનેટ કનેકટીવિટીની સમસ્યાની 'ઓપન' હાઉસમાં નોંધ લીધા બાદ જાણે કે તે સમસ્યાની ફાઈલ 'કલોઝ' કરી દીધી હોય તેમ ભાસી રહ્યું છે. તંત્રના જવાબદાર અધિકારીઓની નીતિ રીતિને કારણે અન્ય ખાનગી કંપનીઓને ઘી કેળા થઈ રહ્યા છે ત્યારે સુનિલકુમાર પણ હવે તો શાનમાં સમજી લઈ શાણપણ દાખવી તાકીદે યોગ્ય કરે તે અત્યંત જરુરી લેખાઈ રહ્યું છે.



## મગોડી પાસે દહેગામ-ચિલોડા માર્ગ પર વિચિત્ર અકસ્માતમાં કાર ઝાડ સાથે અથડાતાં સુરતના કારચાલકનું કરૂણ મોત

ચિલોડા, તા.૭

ગાંધીનગર જિલ્લાના ચિલોડાથી માત્ર ૪ કિ.મી. દૂર દહેગામ ચિલોડા માર્ગ પર મગોડી ગામ પાસે ગમખ્વાર વિચિત્ર કાર અકસ્માતમાં સુરતના આશાસ્પદ યુવાન કારચાલકનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું.

આ બનાવની વિગત પ્રમાણે સુરતના જયંતિભાઈ શંકરભાઈ પટેલ મારુતી વેગન આર જીજે. ૫-સી.એન. ૩૭૦૪ કાર લઈને દહેગામથી ચિલોડા તરફ સાંજના સુમારે આવતા હતા ત્યારે મગોડી ગામની સીમમાં પોતે બેદરકારી-ગફલત રીતે બેફામ પૂરઝડપે કાર ચલાવતાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં કાર પલટી ખાઈ રોડ સાઈડની ચોકડીમાં ઉતરી જઈ લીમડાના ઝાડ સાથે અથડાતાં થડના ટુકડે ટુકડા થઈ જતાં કાર ભાગીને ભુક્કા થઈ ગઈ હતી. વિચિત્ર અકસ્માત નિહાળવા ટોળે ટોળા ઉમટી પડયા હતાં. આ અકસ્માત અંગે ચિલોડા પોલીસ સ્ટેશને જાણ થતાં તુરત જ હે.કો. કાંતિભાઈ રાવળ તથા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ ગંભીર ઈજાગ્રસ્ત કાર ચાલકને બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવી હતી ત્યારે સારવાર અપાય તે પહેલા તેમનું પ્રાણ પંખીડું ઉડી ગયું હતું. ત્યાર બાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો. અકસ્માતનો ભોગ બનનાર જયંતિભાઈ પટેલના સગાસંબંધીઓ તથા મિત્રોને જાણ થતાં દોડી આવ્યા હતા. આ અંગે ચિલોડા પોલીસે અકસ્માતનો મોતનો ગુનો બાબુભાઈ નટવરલાલ પટેલ કઠલાલના ફરિયાદના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એચ.આઈ. એલ.એમ. પરમાર સાહેબે વધુ તપાસ આદરી કાર્યવાહી હાથ ધરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## હિંમતનગર શામળાજી માર્ગ પર અકસ્માતમાં એકનું મોત

સાબરકાંઠાના હિંમતનગર શામળાજી માર્ગ પર ગત રોજ બપોરે ૧૧ કલાકે રાજેન્દ્રનગર ચાર રસ્તા પર રાજેન્દ્રનગર ગામના જ ૫૫ વર્ષીય મગનભાઈ રવજીભાઈ રાવળ બાઈક નં. જીજે-૯, એલ, ૮૭૪૪ લઈ પેટ્રોલ પંપે પેટ્રોલ ભરાવવા જઈ રહ્યા હતા. દરમિયાન હિંમતનગર તરફથી શામળાજી તરફ જતી જીપ આર.જે. ૧૨, ટીએ, ૦૫૨૬ એ ટકકર મારતા મગનભાઈ રાવળ માર્ગ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જે અંગે તબીબે પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ આવી આ બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા જનતા બેંકના એ.ટી.એમ.નો પ્રારંભ

ખેડબ્રહ્મા, તા.૭

પુણેની જનતા સહકારી બેંકની ખેડબ્રહ્મા શાખાના એ.ટી.એમ.નો ગુરુવારના રોજ શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સહકારી આગેવાનો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં.

પુણેની મલ્ટીસ્ટેટ શિડયુલ્ડ બેંક જનતા સહકારી બેંકની ખેડબ્રહ્મા શાખાના એ.ટી.એમ.ના શુભારંભનો ઉદઘાટન કાર્યક્રમ ગુરુવારના રોજ યોજાયો હતો. એ.ટી.એમ.ના ઉદઘાટક તરીકે રાજયના, મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ મંત્રી રમણલાલ વોરા અને પ્રાંત અધિકારી આર.આર. ઠકકર તથા પાલિકા પ્રમુખ ઈન્દિરાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં અને પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

## હિંમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેનની બિનહરીફ વરણી

હિંમતનગર, તા.૭

ચાલુ સાલે વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે હિંમતનગર નાગરિક સહકારી બેંક લી.ના ચેરમેન માટે જાહેર થયેલ ચૂંટણીમાં હાલના ચેરમેન સુરેશકુમાર ત્રિકમલાલ પટેલનું એક જ ઉમેદવારી પત્ર ભરાતાં, બેંકના ચૂંટણી અધિકારી અને મેનેજીંગ ડિરેકટર મૌલેશકુમાર બી. સોનીએ સુરેશકુમાર ટી. પટેલને બિનરીફ ચૂંટાયેલા જાહેર કરેલ છે. સર્વે બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓએ, મેનેજર ભરતકુમાર તથા સ્ટાફ મિત્રોએ હર્ષની લાગણી વ્યકત કરી અભિનંદન આપ્યા હતા. સુરેશકુમાર ટી. પટેલ જિલ્લાના અગ્રણી સામાજિક કાર્યકર તથા પાટીદાર સમાજના અગ્રણી સેવાભાવી કાર્યકર છે, તેઓએ ચેરમેન તરીકે જવાબદારીપૂર્વક પરિણામલક્ષી સેવાઓ આપી બેંકની પ્રગતિ માટે સરસ પ્રયત્નો કરી રહ્યા છે. સદર નિયુકતીને સભાસદોએ સાનંદ વધાવી લીધી હતી.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


### વ્હોરા સમાજનું ગૌરવ

ચાલુ વર્ષે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષામાં મદ્રેસા મોઈનુલ ઈસ્લામ ટ્રસ્ટ સંચાલિત મદ્રેસા હાયર સેકેન્ડરી શાળા હિંમતનગરની વિદ્યાર્થીની નુરાનીખાતુન લતીફ વડાલીવાળાએ ૫૦૦માંથી ૪૬૯ ગુણ મેળવી ૯૯.૯૫ ટકા પર્સેન્ટાઈલ મેળવી શાળા સમાજ અને પરિવારનું ગૌરવ વધાર્યું હતું.

## ડીસા લૂંટ કેસના આરોપીઓ ઝડપાયા

ડીસા, તા. ૭

જૂના ડીસા રોડ ઉપર આવેલ ફીલ એન્ડ ફલાય એનર્જી સેન્ટર પેટ્રોલપંપ ઉપર નોકરી કરતો એક કર્મચારી પેટ્રોલપંપની કેશ ભરવા એસ.બી.આઈ. હાઈ-વે શાખા ડીસા ખાતે જતો હતો ત્યારે ત્રણ અજાણ્યા ઈસમોએ આંખમાં મરચાની ભૂકી નાખી રૂ. ૧૦૧૧૭૦ની રોકડ રકમની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. જે તમામ લૂંટારાઓને આજે પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા હતા. તેમના વિરૂદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર જૂના ડીસા રોડ ઉપર આવેલ ફીલ એન્ડ ફલાય એનર્જી સેન્ટર પેટ્રોલપંપ ઉપર નોકરી કરતા અને ફરિયાદી માનસુંગભાઈ મૂળાભાઈ ઠાકોર (રહે. લેખરાજ રોડ, ફાર્મ પાટણ) ગત તા. ૨૨ મે, ૨૦૧૨ના રોજ પોતાનું પ્લેઝર મોપેડ નં. જીજે-૮-આર-૯૪૪૩ની ડેકીમાં રૂ. ૧૦૧૧૭૦ રોકડા લઈ એસ.બી.આઈ. હાઈવે શાખા ખાતે ભરવા જઈ રહ્યા હતા. દરમિયાન આદર્શ હાઈસ્કૂલથી આગળ વિશ્રામગૃહ પાસે ત્રણ અજાણ્યા માણસોએ પેટ્રોલપંપકર્મીને રોકી તેની આંખમાં મરચાની ભૂકી નાખી પ્લેઝર મોપેડ અને રોકડ રકમની લૂંટ ચલાવી હતી જે અંગે ડીસા શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે સઘન પ્રયત્નો કરતા બાતમી રાહે હકીકત મળી હતી કે 'આ લૂંટમાં ચીરાગ મહેન્દ્ર પટેલ રહે. ડીસા જયભારત સોસાયટીવાળા સાથે તેના મિત્રોએ કરી છે અને તે લૂંટ કરનાર ગેંગના માણસો રેલવે સ્ટેશન ચાર રસ્તા કોઈ કામ માટે ભેગા થવાના છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી બાતમી સ્થળેથી કમલેશભાઈ પ્રભુભાઈ મોચી, અશ્વિન શાંતિલાલ પ્રજાપતિ, ચીરાગ મહેન્દ્રભાઈ પ્રજાપતિ અને દિલીપ ઉર્ફે દીલો મોહન ઉર્ફે કાળુજી માજીણાને ઝડપી પાડ્યા હતા અને વધુ પૂછપરછ હાથ ધરી છે.

## ડીસા ખાતે ભગવાન જગન્નાથજીની રથયાત્રાની ચાલતી તડામાર તૈયારીઓ

ડીસા, તા. ૭

ડીસા ખાતે ચાલતી સેવાભાવી સંસ્થા શ્રી સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ ડીસા દ્વારા ઘણા છેલ્લા વર્ષોથી અષાઢી બીજ નિમિતે ભગવાન જગન્નાથજીની રથ યાત્રાનું આયોજન કરે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમિતિ તરફથી રથયાત્રાને અનુલક્ષી તૈયારીઓ તડામાર રીતે શરૂ કરવામાં આવેલ છે.અમાવસને તા.૧૯/૬/૨૦૧૨ને મંગળવારે ભગવાન નિજ મંદીરે પરત ફરશે. આ વખતે રથયાત્રામાં અખાડાઓ, વિવિધ ઐતીહાસીક ઝાંખીઓ, ઘોડાઓ, ઉંટ, હાથી, બેન્ડ, ડી.જે, શરણાઈ તેમજ વિવિધ રીતે રથ યાત્રાને સુશોભીત કરવામાં આવનાર છે. આ રથયાત્રામાં ભગવાનની ત્રણ મુર્તીઓના હાથ થી ખેંચવાના રથો રથયાત્રાનું વિશેશ આકર્ષણ હશે તે ઉપરાંત ઉંટલારીઓ, રીક્ષાઓ, છોટાહાથી, જીપો, ટ્રકો, ટ્રેક્ટરો સાથે વિવિધ વાહનો પણ રથયાત્રામાં જોડાવાના હોઈ રથ યાત્રા ભવ્યાતી ભવ્ય રીતે નિકળશે તેવું લાગી રહ્યુ છે.

## વડાલી ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ઉપક્રમે ખેડૂત શિબિર યોજાઈ

હિંમતનગર, તા.૭

કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષસ્થાને વડાલી ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ઉપક્રમે ખેડૂત શિબિર યોજાઈ હતી.

દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખૂલ્લો મૂકતા કૃષિમંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે રાજય સરકાર દ્વારા કૃષિ મહોત્સવ કાર્યક્રમનું ઘનિષ્ઠ આયોજન કરવામાં આવ્યું છે. કૃષિ મહોત્સવના માધ્યમથી કૃષિકારોને ઘરઆંગણે કૃષિ લક્ષી માહિતી અને માર્ગદર્શન મળી રહે છે. ખેડુતોએ ખેતરમાં તેનો અમલ કર્યો છે. આજે ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે અને સામાન્ય ખેડુત પણ સમૃધ્ધ બન્યો છે.

કૃષિમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રના વિકાસના પાયામાં ગામડાઓની સમૃધ્ધિ રહેલી હોય રાજય સરકાર દ્વારા કૃષિ અને પશુપાલનને પ્રોત્સાહન આપી ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા કૃષિક્ષેત્રે ટ્રેકટર, ખેતીવિષયક સાધનો અને બિયારણ ખાતરની ખરીદીમાં સહાય આપવામાં આવે છે તો પશુપાલન વ્યવસાય અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે દૂધાળા પશુની ખરીદી માટે સહાય અને સબસીડી આપવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીનું મહત્વ રહેલું છે. આથી રાજય સરકારે જયોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં શહેર સમોવડી આરોગ્ય, શિક્ષણ અને અન્ય સુવિધા મળી રહે તેવા પ્રયાસો રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. કિશાનપથનું નિર્માણ કરી ખેડૂતોના ખેતરોને મુખ્ય માર્ગો સાથે જોડી દેવામાં આવ્યા છે તેમ કૃષિમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે રાજય સરકારના કૃષિ મહોત્સવ કાર્યક્રમ થકી ખેડુતોને કૃષિલક્ષી વિવિધ પાકોનું આધુનિક માર્ગદર્શન તથા માહિતી મળી રહે તે માટે ઈડર અને વડાલી તાલુકામાં એગ્રિકલ્ચર કોલેજ બનાવવાનું આયોજન ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે તેવી હૈયાધારણા ખેડૂતોને આપી હતી અને કોલેજનો મહત્તમ લાભ લઈ વૈજ્ઞાનિક પધ્ધતિ અપનાવી ગુણવત્તાસભર અને વધુ ઉપજ મેળવવા જણાવ્યું હતું.

આ પ્રસંગે સાબરડેરીના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ, ભારતીય કિસાન સંઘના પ્રમુખ, સહકારી અગ્રણી શ્રી તખતસિંહ હડિયોલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ ખેડૂત શિબિરમાં સ્વાગત પ્રવચન વડાલી માર્કેટ યાર્ડના પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ તથા આભારવિધિ પૂર્વ ચેરમેન શ્રી ધીરૂભાઈ પટેલે કરી હતી.

આ પ્રસંગે ઈડર માર્કેટ યાર્ડના પ્રમુખશ્રી રાજુભાઈ પટેલ, ખેડબ્રહ્મા માર્કેટ યાર્ડના પ્રમુખશ્રી જશુભાઈ પટેલ, તાલુકાના સહકારી આગેવાનો સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેકટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન